Australian Government

COVID-19 VACCINATION

# તમારા સ્પાઇકવેક્સ (મોડર્ના) COVID-19 રસીકરણ પછી

છેલ્લો સુધારો: ૨ સપ્ટેમ્બર ૨૦૨૧

## રસી વિશે

આજે તમે **સ્પાઇકવેક્સ (મોડર્ના) રસી** લીધી છે.

આ રસી લોકોને COVID-19થી બીમાર થવાથી બચાવી શકે છે. મોડર્ના COVID-19 રસીમાં કોઇ જીવંત વાયરસ નથી, અને તે તમને COVID-19નો ચેપ લગાડી શકતી નથી. તેમાં સાર્સ-કોવ-૨ વાયરસના મહત્વપૂર્ણ ભાગ માટે સ્પાઇક પ્રોટીન નામનો આનુવંશિક કોડ હોય છે. રસી લીધા પછી, તમારું શરીર સ્પાઇક પ્રોટીનની નકલો બનાવે છે. ત્યારબાદ તમારી રોગપ્રતિકારક શક્તિ સાર્સ-કોવ-૨ વાયરસને ઓળખતાં અને તેની સામે લડતાં શીખે છે. આનુવંશિક કોડનો શરીર દ્વારા ઝડપથી નાશ થાય છે.

## રસીકરણ પછી શું અપેક્ષા રાખવી

કોઇ પણ રસીની જેમ જ COVID-19 રસી મેળવ્યા પછી તમને કેટલીક આડઅસરો થઇ શકે છે.

**મોડર્ના** પછી **સામાન્ય** આડઅસરોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- ઇંજેક્શન આપ્યું હોય ત્યાં દુખાવો
- થાક
- માથું દુખવું
- સ્નાયુઓમાં દુખાવો
- તાવ અને ઠંડી લાગવી
- સાંધાનો દુખાવો.

**મોડર્ના** લીધા પછી થતી **ઓછી સામાન્ય** આડઅસરોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- ઇંજેક્શન લીધું હોય ત્યાં લાલાશ અથવા સોજો
- બગલમાં સોજો અથવા નરમાશ
- ઉબકા/ઊલટી
- વિસ્તૃત લસિકા ગ્રંથીઓ (લીમ્ફ નોડ્સ).

આ આડઅસરો સામાન્ય રીતે હળવી હોય છે અને સામાન્ય રીતે બે કે ત્રણ દિવસની અંદર દૂર થઇ જાય છે. કેટલાક લોકોને અન્ય સામાન્ય રસીકરણની તુલનામાં, આ રસીકરણથી વધુ નોંધપાત્ર ફ્લુ જેવા લક્ષણોનો અનુભવ થશે અને સામાન્ય પ્રવૃત્તિઓમાંથી આરામ લેવાની જરૂર પડી શકે છે. આ લક્ષણો બંનેમાંથી કોઇ પણ ડોઝ પછી થઇ શકે છે, પરંતુ બીજા ડોઝ પછી વધુ સામાન્ય છે.

જો રસીકરણ પછી તમને ઇંજેક્શન આપ્યું હોય ત્યાં દુખાવો અથવા તાવ, માથાનો દુખાવો અથવા શરીરમાં દુખાવો થાય તો, તમે પેરાસિટામોલ અથવા આઇબુપ્રોફેન લઇ શકો છો. આનાથી ઉપરોક્ત કેટલાક લક્ષણો ઘટાડવામાં મદદ થાય છે. રસીકરણ પહેલાં તમારે પેરાસિટામોલ અથવા આઇબુપ્રોફેન લેવાની જરૂર નથી. જો ઇંજેક્શન આપ્યું હોય ત્યાં સોજો હોય તો, તમે બરફ લગાડી શકો છો.

**મોડર્ના** પછી નોંધાયેલ **ભાગ્યે જ થતી** આડઅસરો:

- ગંભીર આડઅસર (એનાફલેક્સિસ).
- માયોકાર્ડાઇટિસ (હ્રદયના સ્નાયુઓમાં સોજો) અને પેરિકાર્ડાઇટિસ (હ્રદયના બહારના આવરણનો સોજો). મોટાભાગના નોંધાયેલા કેસો હળવા હોય છે અને ઝડપથી સાજા થઇ જાય છે, જોકે આ કેસો પર લાંબા ગાળા માટે નજર રાખવામાં આવી રહી છે. કેસ મુખ્યત્વે બીજા ડોઝ પછી અને ખાસ કરીને યુવાન (૩૦ વર્ષથી નાની ઉંમરના) પુરુષોમાં થાય છે.

જો રસીકરણ પછી નીચેનું લાગુ પડતું હોય તો, તમારે તબીબી સારવાર લેવી જોઇએ:

- જો તમને લાગે કે તમને આડઅસર થઇ રહી છે. જો તમને ગંભીર લક્ષણોનો જેવા કે, શ્વાસ લેવામાં મુશ્કેલી, સસણી, ઝડપી ધબકારા અથવા ઢળી પડવું, અનુભવ થાય તો ૦૦૦ પર ફોન કરો
- તમને છાતીમાં દુખાવો, દબાણ અથવા અસ્વસ્થતા, અનિયમિત ધબકારા, ધબકારા ચુકી જવા અથવા 'ફફડાટ' અનુભવવો, બેભાન થવું, શ્વાસ લેવામાં તકલીફ અથવા શ્વાસ લેતાં દુખાવો અનુભવાય
- તમે સંભવિત આડઅસર વિશે ચિંતિત છો અથવા તમને નવા અથવા અણધાર્યા લક્ષણો છે
- તમને રસીની અપેક્ષિત આડઅસર છે, જે થોડા દિવસો પછી દૂર નથી થઇ.

જો લક્ષણો તાકીદના ન હોય તો, તમે તમારા નિયમિત આરોગ્ય સંભાળ પ્રદાતા (સામાન્ય રીતે તમારા જીપી)ને બતાવી શકો છો.

## રસીની સલામતીની દેખરેખ અને આડઅસરોની જાણ

તમે તમારા રસીકરણ પ્રદાતાને અથવા અન્ય આરોગ્ય સંભાળ વ્યાવસાયિકને શંકાસ્પદ આડઅસરોની જાણ કરી શકો છો. ત્યારબાદ તેઓ તમારા વતી તમારા રાજ્ય અથવા પ્રદેશના આરોગ્ય વિભાગને અથવા સીધા થેરાપ્યુટિક ગુડ્સ એડમિનિસ્ટ્રેશન (ટીજીએ)ને ઔપચારિક અહેવાલ આપશે.

જો તમે જાતે તેની જાણ કરવાનું પસંદ કરો તો, કૃપા કરીને ટીજીએની વેબસાઇટ પર COVID-19 રસી સાથે સંકળાયેલ શંકાસ્પદ આડઅસરોની જાણ કરવાની માહિતીના વેબપેજની મુલાકાત લો અને પૃષ્ઠ પરના નિર્દેશોનું પાલન કરો.

## રસીકરણ પછી COVID-19 પરીક્ષણ

COVID-19 રસીકરણની કેટલીક આડઅસરો COVID-19ના લક્ષણો (દા.ત. તાવ) જેવી હોય શકે છે. જો કે, મોડર્નામાં કોઇ જીવંત વાયરસ નથી અને તે COVID-19નું કારણ બની શકે નહિ. તમારે COVID-19 પરીક્ષણ કરાવવાની અથવા એકાંતવાસમાં (આઇસોલેટ) રહેવાની જરૂર ન હોય શકે:

- જો તમને રસીકરણ પછીના પ્રથમ બે દિવસમાં તાવ, માથાનો દુખાવો અથવા થાક જેવા સામાન્ય લક્ષણો વિકસિત થાય છે, અને
- જો તમને ખાતરી હોય કે તમને શ્વસનતંત્રના કોઇ લક્ષણો નથી (જેવા કે નાકમાંથી પાણી નીકળવું, ખાંસી, ગળામાં દુખાવો, ગંધ અથવા સ્વાદની ભાવના ગુમાવવી).

જો કે, તમારે સૌથી અદ્યતન માહિતી માટે તમારા રાજ્ય/પ્રદેશની વર્તમાન માર્ગદર્શિકા તપાસવી જોઇએ. તમારા સ્થાનિક વિસ્તારમાં COVID-19 ફાટી નીકળવાની સ્થિતિમાં આ સલાહ બદલાય શકે છે. જો તમે અન્ય માપદંડો પૂર્ણ કરો તો, તમારે હજી પણ COVID-19 પરીક્ષણ કરાવવાની જરૂર પડી શકે છે, ઉદાહરણ તરીકે જો તમે જાણીતા COVID-19 કેસના નજીકના સંપર્કમાં આવ્યા હોવ. જો શંકા હોય તો, તબીબી તપાસ કરાવો.

## તમારી બીજી મુલાકાત યાદ રાખો

તમે મોડર્નાના બે ડોઝ મેળવો તે અગત્યનું છે. આ ડોઝ સામાન્ય રીતે ૪-૬ અઠવાડિયાના અંતરે આપવામાં આવે છે, પરંતુ ખાસ સંજોગોમાં લાંબા અંતરાલની ભલામણ કરી શકાય છે. બીજો ડોઝ COVID-19 સામે રક્ષણનો સમયગાળો લંબાવે તેવી સંભાવના છે.

## તમારી મુલાકાત દરમ્યાન તમે આપેલી માહિતીનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે

તમારી અંગત વિગતો કેવી રીતે એકત્રિત, સંગ્રહિત અને ઉપયોગ કરવામાં આવે છે તેની માહિતી માટે https://www.health.gov.au/using-our-websites/privacy/privacy-notice-for-covid-19-vaccinations પર જાઓ.